સુબેદાર રામજી આંબેડકર યોજના હેઠળ ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોમાં ૨૦૦૦ વિદ્યાર્થીઓનો સંખ્યા વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૧૪/ન.બા.૮૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૮/૮/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૫-૬-૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ અજાક/ગ/છતલ/૧૪/૧૧૧૦-૧૧

ઠ રા વઃ-

રાજયમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છીક સંસ્થાઓ ધ્વારા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની યોજના અમલમાં છે. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવાની અને જમવાની સગવડ આપવામાં આવે છે. જેમાં હાલ ૨૦,૭૪૬ છાત્રો લાભ લઇ રહયા છે. રાજયમાં અનુ.જાતિના શિક્ષણનું પ્રમાણ પ્રતિદિન વધતુ જાય છે. પરંતુ અનુ.જાતિની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે અનુ.જાતિના વિદ્યાર્થીઓ ખાનગી છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરી શકતા નથી. દર વર્ષે આ જાતિમાં શિક્ષણનુ પ્રમાણ વધે તેવા હેતુથી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરવા નિયામકશ્રી (અજાક) ના વંચાણે લીધા ક્રમાંક- ૧ ના તાઃ ૫-૬-૨૦૧૪ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેના અનુસંધાને ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમા; ૨૦૦૦ સંખ્યા વધારો કરવા રૂ.૨૦૦.૦૦ લાખની સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે, જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી સદરહુ નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતોઃ

(૧) આ સંખ્યા વધારા અન્વયે વધારાના મહેકમ અંગે કોઇ માંગણી કરવાની રહેશે નહિ.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાંણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને કરવાનો રહેશે.

(૩) આ અંગે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરુરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમા પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનુ પાલન કરવાનુ રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનુ ચૂસ્ત પણે પાલન કરવાનુ રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૫- અનુ.જાતિ પેટા યોજના- મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ પેટા મુખ્ય સદર-૦૧- અનુ.જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર - (૧૨) બીસીકે-૧૯ અનુસૂચિત જાતિ પેટા યોજના સુબેદાર રામજી આંબેડકર છાત્રાલયને અનુદાન યોજના સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૯-૭-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડિયલ )

સેકશન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, અજાક મારફત)

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.

તમામ જિલ્લા જિ.પ.વ.ક.અ.શ્રીઓ/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)(નિયામકશ્રી, અજાક મારફત)

સેકશન અધિકારીશ્રી, બજેટ/અ-૧ શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.-

સેકશન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.

સિલેકટ ફાઇલ.